## સ્વાયત્તતા એટલે નિષ્ણાતોની નિર્ણાયક સામેલગીરી | રઘુવીર ચૌધરી

ભારતની આઝાદી પછી બેત્રણ દાયકા યુનિવર્સિટીઓમાં કુલપતિની (વાઇસ ચાન્સેલરની) ચૂંટણીઓ થઈ. પછી ત્રણ જણની સમિતિ નામ સૂચવે એમાં ઓછામાં ઓછા એક સરકારી પ્રતિનિધિ હોય. એમણે સૂચવેલું નામ પદ પામે. પરોક્ષે સરકારીકરણ થયું. ઉમાશંકરભાઈ ચૂંટણી લડીને કુલપતિ થયા હતા. ચૂંટણીમાં પણ દૂષણો હોય, એ જાણીતી હતી, છતાં શિક્ષણમાં તેમજ સાહિત્યમાં ચૂંટાયેલી વ્યક્તિના નેતૃત્વમાં કામ થાય એના એ આગ્રહી હતા. એ ઇંગ્લેન્ડનો દાખલો આપતા : 'સ્ટેટ વિધિન સ્ટેટ.' સુન્દરમે પૂર્વે જે પુરસ્કાર લીધો હતો એ ગૌરવ પુરસ્કાર ઉમાશંકરભાઈએ નકાર્યો, કેમ કે એ સરકારીતંત્રનો નિર્ણય હતો, સાહિત્યપદાર્થના જાણકારોનો ન હતો. એમણે દિલ્હીની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના ગૌરવને ટકાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. પુરસ્કારવિતરણમાં પ્રધાનો આવે તો પ્રસિદ્ધિનું કામ અનાયાસ થાય, અધિકારીઓને એવો લોભ હોય. પણ ઉમાશંકરભાઈએ મક્કમ રહીને પ્રસિદ્ધિના વિકલ્પે ગુણવત્તાનું ગૌરવ કર્યું.

૧૯૭૭માં હૈદરાબાદમાં ઉમાશંકરભાઈના હાથે 'ઉપરવાસ કથાત્રયી' માટે મને પુરસ્કાર મળ્યો, એ ધન્ય ક્ષણનું સ્મરણ ટકી રહ્યું છે. રણજિતરામ ચંદ્રક સાહિત્ય સભાના પ્રમુખને હસ્તે અપાય છે, સાહિત્ય પરિષદ પણ પોતાના પ્રમુખની સેવાઓનો લાભ લે છે.

ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર પ્રધાનને હાથે ન લેવાનો નિર્ણય સચિવ શ્રી ભાગ્યેશ ઝાને જણાવ્યો. એ પછી પણ કેટલાક વરિષ્ઠ સાહિત્યકારોએ રાજ્યપાલશ્રી, સાંસ્કૃતિક મંત્રી અને સચિવની સહિયારી વંદના સાંભળી ગૌરવ પુરસ્કાર સ્વીકાર્યો અને આભારના ભાગ તરીકે નિરાંતે પ્રશંસા પણ કરી. એમાં મારા પ્રિય સર્જકમિત્રો હતા, મે એમને ઉમળકાથી અભિનંદન આપ્યાં હતાં. હું પણ આ રીતે હિન્દી માટેનો ગૌરવ પુરસ્કાર લઈ ચૂક્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા સ્થગિત થઈ ગઈ હતી એ જાણવા છતાં મેં, મારા ગુરુ ભોળાભાઈ અને બીજાઓએ સરકારી નિર્ણય સામે ડૉ. ટોપીવાળાની જેમ વિદ્રોહ કર્યો ન હતો. અલબત્ત અમે જાહેરમાં સ્વાયત્તતાની તરફેણમાં બોલવાનું ચાલુ રાખ્યું હતું. મંત્રીશ્રી ફકીરભાઈ અને નાનુભાઈ બંને સસ્મિત સાંભળતા.

આદરણીય નારાયણભાઈ દેસાઈના પ્રમુખપદે ગાંધીનગર કલ્ચરલ ફોરમના આતિથ્યમાં સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું એમાં સ્વાયત્તતાની તરફેણમાં ઠરાવ થયો હતો કેમ કે વચગાળાનાં ૨૦૦૭ સુધીનાં વર્ષોમાં સ્વાયત્તતા સ્થગિત અથવા મૂર્ચ્છિત થઈ હતી. સને ૨૦૧૪માં શ્રી ભાગ્યેશ ઝાને સરકારે રાજ્ય અકાદમીના અધ્યક્ષ નીમ્યા એની સાથે જાગ્રત લેખકોએ વિરોધ કર્યો, સંગઠન રચ્યું, ભાષણો થયાં. શ્રી ધીરુભાઈ પરીખ અને શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની સહીથી રીટ થઈ. આ સહી વ્યક્તિગત હતી એ બધાને ન સમજાય.

કેમ બે વર્ષ સુધી ચુકાદો ન આવ્યો ? ગુજરાત હાઈકોર્ટ કેમ ઉદાસીન રહી ? કે પછી આ વકીલોની અદાકારી છે ?

અહીં દર્શકનું સ્મરણ થાય છે. એમની ઇચ્છા હતી કે એમની આગેવાનીમાં સૂચવાયેલું ગુજરાત સાહિત્ય અકાદમીનું માળખું વિધાનસભામાં રજૂ થાય અને કાયદાનું સ્વરૂપ પામે. પણ એને બદલે ખાતાના વિભાગીય ઠરાવથી ચલાવી લેવાયું. અગાઉ શ્રી દર્શક સાથે હું એ વખતના નાયબ મુખ્યમંત્રી શ્રી નરહરિ અમીનને ત્યાં ગયો હતો. દર્શક બેચેન હતા. ઉઘરાણી કરી ત્યાં શ્રી નરહરિભાઈ કહે : આ તમારા ઉપેન્દ્ર ત્રિવેદી જ કહે છે કે સરકારી અકાદમીના પ્રમુખ તો પ્રધાન હોય, લેખક શેના હોય ? અગાઉ આવું માળખું હતું એની એમને ખબર હશે. સુરેશ દલાલ, રમણલાલ જોશીએ પ્રધાનશ્રીના નેજા નીચે ઉપપ્રમુખ તરીકે કામ કર્યું હતું. એનો એમને આનંદ હશે. મહારાષ્ટ્ર સહિત દેશમાં બધે ઉપપ્રમુખ અથવા નિયુક્ત પ્રમુખ છે. દર્શકે ચૂંટાયેલા પ્રમુખ આપ્યા. પણ પછી ? બંધારણ વિધાનસભામાં રજૂ ન થયું એવી બીજી ઊણપો રહી ગઈ. મહામાત્ર અને મુખ્ય હિસાબનીસ સરકારના તંત્રમાં રહ્યા, આવજા કરતા રહ્યા. દિલ્હી સાહિત્ય અકાદમી પોતે એમની નિમણૂક કરે છે. તેથી કેન્દ્ર સરકાર એના પ્રતિનિધિ ન મોકલે તો પણ ચૂંટણી કરવા સક્ષમ છે. અહીં તો મહામાત્ર સરકારને પૂછીને જ પગલાં ભરે.

બીજી ક્ષતિ એ રહી ગઈ કે પ્રમુખ-ઉપપ્રમુખ સમેત નવી કારોબારી વહીવટ સંભાળે ત્યાં સુધી જ સમિતિ ચાલુ રહે એવી જોગવાઈ સૂચવાઈ નહીં. તેથી મુદત પૂરી થતાં મહામાત્રશ્રીએ બધું સંભાળવાનું આવ્યું. ભોળાભાઈ અને કુમારપાળ બીજા પાંચ વર્ષ માટે સેવાઓ આપવા ચૂંટણી લડવા ઉત્સુક હતા, પણ પહેલા ચિનુભાઈ કોર્ટમાં ગયા, સફળ ન થયા; પણ સરકારે પોતાના પાંચ પ્રતિનિધિ ન નીમ્યા તે ન જ નીમ્યા. એમને અનુકૂળ લેખકોની ખોટ ન હતી, પણ મુખ્યમંત્રી એમની ચાલે ચાલ્યા. ચૂંટાયેલા નવ સાહિત્યકારો પણ કોર્ટમાં ન ગયા. લંબાતું ગયું. મહામાત્ર બદલાતા ગયા. છેલ્લે 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક હર્ષદ ત્રિવેદી કાર્યકારી મહામાત્ર બન્યા. એ પછી 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક ઉપર પરામર્શક સમિતિ નિમાઈ. ડૉ. ટોપીવાળાએ શબ્દસૃષ્ટિમાં લખવાનું બંધ કર્યું. થોડા માસ પછી શિરીષભાઈ પંચાલે પણ સામગ્રી પાછી મેળવી લીધી. મેં પણ પછી 'શબ્દસૃષ્ટિ'માં કશું મોકલ્યું નથી. અલબત્ત સને ૨૦૧૦માં 'જયંતિ દલાલ સમગ્ર સાહિત્ય'ના સંપાદનની જવાબદારી હર્ષદે સોંપેલી એ પૂરી કરી. પણ રમેશ ર. દવેએ એક ગ્રંથ કર્યો હતો છતાં દર્શક ગ્રંથાવલીનું પૂરું થવા આવેલું સંપાદન છોડી દીધું. સ્વાયત્તતાના ઠરાવનો પશ્ચાત્‌વર્તી અમલ કર્યો. દર્શકના સુપુત્ર રામચંદ્રભાઈ ઇચ્છતા હતા કે અકાદમી ગ્રંથાવલીનું કામ પૂરું કરે.

સ્વાયત્તતાના આંદોલનમાં 'સ્વાયત્ત' છાપેલો બિલ્લો મેં પહેર્યો નથી. રમેશભાઈ ર. દવે અને સ્વાતિબહેન જોશીએ સામેથી બિલ્લો ધર્યો હતો ત્યારે મેં કહેલું કે ગુજરાતી સાહિત્ય પરિષદનો ઠરાવ છે એ મુજબ વર્તીશું અને જરૂર પડ્યે ઠરાવ ઘૂંટીશું. એમ થયું છે, સર્વાનુમતે.

મેં એક દિવસ ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળાને ચાલતાં ચાલતાં કહેલું કે કોર્ટના ખર્ચમાં ફાળો આપીશ. ફાળો આપવા મેં ચિ.સંજયને પણ કહેલું. પણ પછી તો રમેશભાઈ અને કિરીટભાઈ આંદોલનના સક્રિય સહયોગીઓથી છૂટા પડેલા. ઘણાનો ઉત્સાહ ઘટ્યો. છતાં જે ટક્યા છે એમને સાથ ન અપાય તોપણ શુભેચ્છા તો આપવી જ ઘટે. બધી લડતો સફળ નથી થતી પણ જાગૃતિ વધારે છે.

મેં અનેક વાર કહ્યું છે કે આ પ્રકારની લડતમાં કડવાશ ન હોવી જોઈએ. નિયુક્ત પ્રમુખ લેખક જ નથી એવાં આત્યાંતિક ઉચ્ચારણો ન કરીએ. મૂલ્યાંકનમાં રાગદ્વેષ પ્રવેશે.

સાહિત્ય પરિષદ એના સ્થાપનાકાળથી જાહેર જીવનનાં મૂલ્યો અને કાર્યપદ્ધતિઓ વિશે ઠરાવો કરે છે. એ રીતે પોતાનું સાંસ્કૃતિક દાયિત્વ અદા કરે છે. આને સરકાર સામેની લડત કહી ન શકાય. નવનિયુક્ત પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પંડ્યા આ સારી રીતે સમજે છે. વરિષ્ઠ નિષ્ણાતોની સમિતિ રચીને ગુજરાત સાહિત્ય અકાદમીના લોકશાહી માળખાને કેવી રીતે પુનઃસ્થાપિત કરી શકાય એ વિચારવું જોઈએ. હાઈકોર્ટ જલદી સક્રિય થાય તોપણ દિશાનિર્દેશ મળે. લેખકો લડતા નથી પણ વિચારે છે એ સ્પષ્ટ થાય. ન્યાયતંત્ર પોતે નિષ્ણાતોની સ્વાયત્ત રચના છે તેથી એક ન્યાયાધીશ પણ ચુકાદો આપી શકે. દેશના સાહિત્યજગતને સ્વાયત્તતાનો મહિમા સમજાવી શકે.

તા.૨૬-૬-૧૭

*